॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૧૪ જુલાઈ-ઓગસ્ટ-૧૯૯૩ અંક : ૧

## વાલીઓને

શાળાએ આવતા માર્ગના અને શાળાના દરવાજાની નજીકના ટ્રાફિક અંગે વારંવાર લખવું પડે છે તે દુ:ખદ છે.

નવા શારદામંદિરની કંપાઉન્ડ-વોલ અને રેલવેની હદ વચ્ચેનો રસ્તો ખૂબ સાંકડો છે. તેના એક છેડે ખરાબ વળાંક અને બીજે છેડે બસ સ્ટેન્ડ, રીક્ષા સ્ટેન્ડ, ગલ્લાઓનું દબાણ છે. ટ્રાફિક પોલીસ અને મ્યુનિસિપાલિટીને અનેકવાર આ અંગે લખ્યું છે, પણ તેની ખાસ અસર જણાતી નથી. શાળાની પશ્ચિમના ઝાંપે તો બસ પાર્ક કરીને જ મોટે ભાગે ઉભી હોય છે અને બાળકો માટે તે જોખમો ઉભા કરે છે, તેની ચિંતા મ્યુનિસિપાલિટીને જણાવી છે છતાં કાંઈ થતું નથી તે હકીકત છે. આ વ્યવસ્થા તંત્રોને પોતાનાં પ્રશ્નો હશે એમ માનવું રહ્યું. આ માર્ગ ઉપર બસોનો, રીક્ષાનો અનેક મોટરોનો અને સ્કુટર ટ્રકોનો સતત ટ્રાફિક હોવા છતાં તંત્રને તેની કાંઈ ચિંતા હોય તેમ લાગતું નથી.

આ સાથે આપણી શિસ્તનો અભાવ પણ છે, તે સ્વીકારવું રહ્યું. રીક્ષા જેવા વાહનોમાં ઘણાં નાનાં બાળકો આવે છે, તેઓ અટવાઈ ન પડે તે માટે રીક્ષાઓ શાળાની કંપાઉન્ડ વોલને અડકીને ઉભી રહે છે. વ્યાવહારિક રીતે તે સ્વીકારવું રહ્યું. તેઓ વ્યવસ્થિત રીતે પોતાના વાહનો સામાન્યત: રાખે છે તે પણ જોયું છે, પરંતુ રેલવે બાજુ જયારે ખાનગી વાહનો ઉભા રહે ત્યારે સમગ્ર વ્યવસ્થામાં ગૂંચવાડો ઉભો થાય છે. જે વાલી ખાનગી વાહનમાં બાળકને લેવા આવે તે વાહનો થોડે દૂર ઉભા રાખી બાળકને લઈ જાય તે આવકારદાયક છે. તેને બદલે બરાબર દરવાજા પાસે આવી બાળકને ઉતારવાનું કે બેસાડવાનું ઘણા વાલીઓ કરતા હોય છે તે જોવા મળે છે. આથી સમગ્ર ટ્રાફિકમાં ભારે ગૂંચવાડો ઉભો થાય છે, જેમ રેલવે ફાટક પાસે સૌ પોતાની સગવડ સાચવીને વર્તે છે તેથી સૌને ખૂબ જ હેરાનગતિ ઉઠાવવી પડે છે તેવું જ કંઈક અહીં બને છે.

આ બાબતમાં થોડી જ શિસ્ત આપમેળે સૌ રાખતા થાય તો થોડું વહેલું મોડું થાય, થોડી જ અગવડ ભોગવવાની માનસિક તૈયારી રાખે તો અવશ્ય તે સરવાળે સગવડ છે. આશા છે કે આપ સૌનો સહકાર મળશે.

**દિનુભાઈના વંદન.**

## શારદામંદિર બાળગીતોની કેસેટ

"અમે અમૃતપ્રવેશ કર્યો છે.... કેસેટ સાંભળતા અમારું બાળપણ ચક્ષુ સમક્ષ ખડું થયું."

"વૈવિધ્ય કેટલું બધું છે ? પશુ, પંખી, વાદળા, સૂર્ય, ચંદ્ર, વનરાજી, વૃક્ષો, વેલી, સૃષ્ટિ સાથે અદ્વૈતની ભાવના ઉભી થાય છે."

"મોડે સુધી જાગીને પણ મારા બાળકે પૂરી કેસેટ સાંભળી."

શારદામંદિરના બાળગીતોની કેસેટના આવા અનેક પ્રતિભાવો સાંભળી આનંદ થાય છે.

અનેક વાલીઓ બાળગીતો વર્ષોવર્ષ લખીને લઈ જતાં અને પુસ્તક સ્વરૂપે આ ગીતો આપવાનું સૂચન કરતા. બાલમંદિરના પ્રથમ વર્ગના ગીતોની કેસેટ અમે વાલીઓ સમક્ષ મૂકતાં સંતોષ અનુભવીએ છીએ. પુસ્તીકા તૈયાર થઈ રહી છે.

બાળક જે રીતે ગીતો વર્ગમાં સાંભળે તે જ રીતે ગીતો રજૂ કરવાનો અમારો આગ્રહ હોઈ તેને સમાજ કેવો પ્રતિભાવ આપશે તે વિશે મનમાં સંદેહ હતો. ખૂબ સાદી રજૂઆત સ્વીકારાશે કે કેમ તે વિશે મનમાં અંદેશો હતો. સૌને તે ખૂબ ગમી છે તેનો ખૂબ આનંદ છે અને અમને તેથી પ્રોત્સાહન મળ્યું છે. અન્ય વર્ગોની કેસેટને પણ આવો પ્રતિભાવ મળશે તેવી અપેક્ષા છે.

## પ્રાર્થના

પ્રાર્થના શ્રદ્ધાની વાણી છે. પ્રાર્થના માગણી નથી, લાગણી છે. પ્રાર્થના હૃદયનું સ્નાન છે. પ્રાર્થના પ્રેરણાની પરબ છે. પ્રાર્થના એ આત્માનો ખોરાક છે. પ્રાર્થના નવું ચૈતન્ય અર્પે છે. પ્રાર્થના એટલે મન અને વાણીની એકાગ્રતા. પ્રભુને પત્ર પાઠવવા કાગળ કે કલમની જરૂર નથી, એ પત્રનું નામ જ પ્રાર્થના છે. પ્રભુનો પ્રસાદ પામવા પરમ પથ પ્રાર્થના છે.

## 'મને સંગીત બહુ ગમે છે'

બાલમંદિરનો ઘંટ વાગ્યો ને એક પછી એક નાનાં નાનાં ભૂલકાંઓ સંગીતનાં ખંડમાં ગોઠવાવા લાગ્યાં. જોત જોતામાં તો આખો ખંડ ખૂબ સરસ રીતે ગોઠવાઈ ગયો અને સંગીતનાં સ્વરો હવામાં ગૂંજવા લાગ્યાં. પણ થોડે દૂર પાણીનાં નળ પાસે શ્રીરાજ એકલો ઊભો ઊભો કાંઈ ગડમથલ કરી રહ્યો હતો ને એટલે મેં પૂછ્યું, "કેમ શ્રીરાજ, સંગીતમાં જવું નથી ?"

"ના બેન ! મને સંગીતમાં નથી ગમતું. મારે ત્યાં નથી જવું."

"બેટા ! હું ત્યાં જ જાઉં છું. તને ન ગમે તો આપણે ઊઠીને ચાલ્યાં આવીશું, પણ તું ત્યાં ચાલ તો ખરો ! મને તું સાથે હોય તો ખૂબ ગમે. આવશે મારી સાથે ?' ને એણે મારી આંગળી પકડી લીધી. મારી સાથે સંગીતમાં આવી બેઠો. હજી તો માંડ 'એક હતો રાજા ને એને વહાલા વાજાં' ગીત પૂરું થયું ત્યાં તો ઊંચી ડોક કરી તેણે બીજા ગીતની શરૂઆતની રાહ જોવા માંડી. મને પણ આશ્ચર્ય થયું. "મને સંગીત નથી ગમતું" એમ કહેનાર આ શ્રીરાજ તો સંગીતમાં ડૂબવા માંડયો ને બીજા ગીતમાં તો સંગીત સાથે તેનાં હાથ ને ડોકનાં હલનચલનમમાં જાણે શબ્દ સૂર અને તાલની એકબધ્દતા વર્તાવા માંડી ... ને મને સંગીતની અદ્‌ભુત શક્તિ માટે આશ્ચર્ય થયું.

વારંવાર મમ્મી ફરિયાદ કરતી આવે કે "આનાથી તો હું કંટાળી જાઉં છું. એવી થાકી જાઉં છું કે ન પૂછો વાત, ઘડી ય પગ વાળી બેસતો જ નથી ને ! ખૂબ ચંચળ છે." ને એવા બાળકને એક વખત સંગીતમાં રસ પડવા માંડે એટલે એની એ ધમાલ, એની એ ચંચળતા, એનો ઉધમાત બધું જ ધીરે ધીરે થાળે પડવા માંડે છે....ને એમાં ય માંડ અઠવાડિયું, સંગીતમાં બાળક બેસે એટલે "મીની મીની દૂધ પી ગઈ" ને "પાટા ઉપર ગાડી" જેવા ગીતો તેમનાં મોઢે ચઢે છે, હૃદયમાં છવાઈ જાય છે ને એકલા એકલા પણ અભિનય સાથે તેનો ગણગણાટ ચાલુ થઈ જાય છે.... સંગીતથી હૃદયને આનંદ મળે છે. શાંતિ મળે છે પણ તેની સાથે સંવાદીતતા પણ કેળવાય છે. ચંચળતા દૂર થાય છે, ને બાળકને એની સાથે પછી તો એવી તન્મયતા આવી જાય છે કે રડતું હોય ને એકાદ લીટી એના એ પ્રિય સંગીતની ગાઈએ ને તેનું ધ્યાન તરત જ આપણા તરફ કેન્દ્રિત થાય ને રડવાનું ક્યાંય ભૂલાઈ જાય. હાલરડું સાંભળતાં સાંભળતાં મીઠી નિંદરમાં પોઢી જતાં બાળકનાં મુખ પર જે પ્રસન્નતા દેખાય છે જે નિશ્ચિંતતા દેખાય છે તેવી જ પ્રસન્નતા, ને તન્મયત્તા એ સંગીત માણતાં નાનાં ખીલતાં, કિલ્લોલતાં, પાંગરતાં ફુલ જેવા કોમળ બાળકોનાં મુખ પર જોવી એ પણ એક લહાવો છે. સંગીતની આ જાદુઈ શક્તિને કારણે જ બાળક સવારથી બાલમંદિરે જવા અધીરું બને છે. તેને સંગીત માણવું ખૂબ ગમે છે.

ઉર્મિલા શાહ.

## શિશુમંદિરનું ગૌરવ કાર્તિક જેટલી

શારદામંદિર શિશુમંદિરના ધોરણ ત્રીજામાં અભ્યાસ કરતો ભાઈ કાર્તિક જેટલી સંસ્થાના ગૌરવ સમો છે. રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લઈ તેણે આટલી નાની ઉંમરે ઘણા એવોર્ડ મેળવ્યાં છે અને હવે આંતરરાષ્ટ્રીય કરાટે સ્પર્ધા માટે દક્ષિણ કોરિયા જવા થનગની રહ્યો છે.

ત્રણ જ મહિનાની તાલીમ બાદ તેણે જૂન ૧૯૯૧ માં ઈન્વાટેશનલ ફ્રર્સ્ટ લેવલ કુંગફુ ચેમ્પિયનશીપમાં ભાગ લઈને માત્ર સાડાચાર વર્ષની ઉમરે જ સિલ્વર મેડલ અને બેસ્ટ લુઝર એવોર્ડ મેળવ્યાં; ને ત્યારબાદ ગુજરાત સ્ટેટ ચેમ્પીયનશીપમાં સુવર્ણચંદ્રક મેળવ્યો. નવેમ્બર ૧૯૯૧માં મથુરા ખાતે યોજાયલી દ્વિતી ઑલઈન્ડિયા કરાટે ચેમ્પીયનશીપમાં કાંસ્યચંદ્રક મેળવ્યો ને એ જ મહિનામાં મહારાષ્ટ્રનાં કરાડ ખાતે યોજાયેલ ત્રીજી ઓલ ઈન્ડિયા કરાટે ચેમ્પિયનશીપમાં તેણે રૌપ્યચંદ્રક મેળવ્યો નવેમ્બર ૧૯૯૧માં અમદાવાદ ખાતે યોજાયેલી ડિસ્ટ્રીક્ટ ટેક્વોન્ડો કરાટે ચેમ્પિયનશીપમાં તેણે રૌપ્ય ચંદ્રક મેળવ્યો.

ફેબ્રુઆરી ૧૯૯૨માં અમદાવાદ ખાતે યોજાયેલી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ ઓઈક્યુરી કરાટે ચેમ્પિયનશીપમાં તેણે સુવર્ણચંદ્રક મેળવ્યો. મે ૧૯૯૨માં દિલ્હી ખાતે યોજાયેલ બીજી નેશનલ ટેક્વોન્ડો ચેમ્પિયનશીપમાં રૌપ્ય ચંદ્રક મેળવ્યો, ને જૂન ૧૯૯૨માં બેંગલોર ખાતે યોજાયેલી ત્રીજી ઓલ ઈન્ડિયા માર્શલ આર્ટ ફુલ કોન્ટેક્ટ ટુર્નામેન્ટમાં પણ તેણે સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો.

ચિ. કાર્તિક અત્યારે 'યલો બેલ્ટ' ધરાવે છે અને 'ગ્રીન બેલ્ટ' માટેની પરીક્ષા આપી ચૂક્યો છે, ને હવે આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં પણ ભાગ લેવા તે તૈયારી કરી રહ્યો છે. ઈશ્વર તેની આ મહત્ત્વાકાંક્ષાઓ પરિપૂર્ણ કરવાની તેને શક્તિ આપે અને તે દિનપ્રતિદિન સિધ્ધિના શિખરો સર કરવા શક્તિશાળી બને એવી ઈશ્વરને પ્રાર્થના અને ચિ. કાર્તિકને શુભાશિષ.

"માનવ તરીકે જીવવું એ મહાનતા છે. આવી મહાનતાનો આદર્શ, અગાધ ફિલસૂફી છે. કવિતા એની અભિવ્યક્તિ છે, અને શૌર્ય એનું આચરણ છે.

- ટાગોર.

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

બાલમંદિરમાં નવા બાળકોનું આગમન થયું છે. નવા બાળકો માતાનો પાલવ છોડી બાલમંદિરનાં પ્રેમભર્યા અને ઉમંગભર્યા વાતાવરણમાં સ્થિર થવા માંડયાં છે. ધીરે ધીરે કરતાં તેઓ તેમની વિધવિધ પ્રવૃત્તિમાં તન્મય થવા માંડયાં છે ને બાલમંદિર પ્રત્યેનું તેમનું આકર્ષણ વધતું જાય છે. તેમને હવે આ બાલમંદિર તેમનું પોતાનું લાગવા માંડયું છે.

તા. ૩-૭-૯૩ને શનિવારના રોજ તાલીમ મંડળીના બાળકો ડિયરપાર્કમાં મીની ઝૂના પ્રવાસે ગયાં જ્યાં તેમણે ખૂબ મઝા માણી.

તા. ૫.૭.૯૩ નાં રોજ નાની બહેનોએ 'ગૌરી વ્રત'નો ઉત્સવ ઉજવ્યો. રંગબેરંગી ચણીયા ચોળીને ઓઢણીમાં સજજ થઈ, માથે જવારા લઈ એ નાનકડી બાળાઓએ સુંદર રીતે ગરબા રજૂ કર્યા.

તા. ૨૫-૭-૯૩ ને રવિવારનાં રોજ સંસ્થાનાં સ્થાપનાદિન નિમિત્તે બાલપૂજનનો કાર્યક્રમ યોજાયો. બાળકોએ ઉત્સાહપૂર્ણ રીતે ગૌરવભરી રીતે બાલકૂચ કરી, ગરબા અને નૃત્ય રજૂ કર્યાં. બાલરથીને લઈ બાલરથ આવી પહોંચ્યાં. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે પધારેલ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી તુષારભાઈ મહેતાએ ભાવપૂર્ણ હૃદયે બાલરથીને કુંકુંમતિલક કરી, અક્ષત ચોડી અભિવાદન કર્યું. બાળક જ સંસ્થાનાં કેન્દ્રસ્થાને છે, તેનાં પ્રતિક રૂપે ઉજવાતો આ ઉત્સવ ખૂબ આનંદ ને ઉત્સાહભરી રીતે ઉજવાયો.

## શિશુમંદિર

ચૂંટણી :- તા. ૧૯-૭-૯૩ ને સોમવારનાં રોજ મહામંત્રીની ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં નીચેના વિદ્યાર્થીઓ ચૂંટાયેલા જાહેર થયાં, તે માટે તેમને અભિનંદન.

| | | | |
|---|---|---|---|
| ભાઈઓ | મહામંત્રી | ક્ષિતીશ વ્યાસ, | (૭ ક) |
| | ઉપમંત્રી | સુજલ રાવલ, | (૭ બ) |
| બહેનો | મહામંત્રી | વિરાજ ફોજદાર, | (૭ ક) |
| | ઉપમંત્રી | જુઈ ડાંડવાલા, | (૭ અ) |

ઈતરપ્રવૃત્તિઓને અનુલક્ષીને નીચે પ્રમાણે આંતરગૃહ નેતા તથા ઉપનેતાની પસંદગી કરવામાં આવી છે.

| | | | | |
|---|---|---|---|---|
| રત્નદીપ | ભાઈઓ | નેતા | મુંજાલ મહેતા, | (૭ બ) |
| | | ઉપનેતા | હાર્દિક બાવીસી, | (૭ બ) |
| | બહેનો | નેતા | અમી પાઠક, | (૭ ક) |
| | | ઉપનેતા | રાજવી શાહ | (૭ અ) |
| મેઘનાદ | ભાઈઓ | નેતા | અર્પિત શાહ, | (૭ અ) |
| | | ઉપનેતા | રિંકલ મહેતા, | (૭ અ) |
| | બહેનો | નેતા | અનોલી મહેતા, | (૭ અ) |
| | | ઉપનેતા | અદિતિ શાહ | (૭ અ) |
| ધવલગિરિ | ભાઈઓ | નેતા | સર્જન શાહ, | (૭ ક) |
| | | ઉપનેતા | ભાવિક ઠક્કર, | (૭ બ) |
| | બહેનો | નેતા | પ્રિયાંગી મુનશી, | (૭ બ) |
| | | ઉપનેતા | ધારા ત્રિવેદી, | (૭ બ) |
| ગંગોત્રી | ભાઈઓ | નેતા | પાર્થ પરીખ, | (૭ અ) |
| | | ઉપનેતા | સચિન દવે, | (૭ બ) |
| | બહેનો | નેતા | દેવકી દવે, | (૭ ક) |
| | | ઉપનેતા | પાયલ નાણાવટી, | (૭ ક) |

સ્પર્ધાઓ :- તા. ૩૦-૬-૯૩ ને બુધવારનાં રોજ ધોરણ ૭ નાં વિદ્યાર્થિની બહેનો માટે મહેંદી હરીફાઈ યોજવામાં આવી જેમાં વિજેતા નિવડતાં નીચેનાં બહેનોને ધન્યવાદ.

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | - | અનેરી દવે | (૭ અ) |
| દ્વિતીય | - | રીપલ શાહ | (૭ ક) |
| | | રાજવી શાહ | (૭ અ) |
| તૃતીય | - | સિરાલી તેલી | (૭ ક) |
| | | પાયલ મહેતા | (૭ અ) |
| | | દિપાલી પરીખ | (૭ ક) |

નિર્ણાયક તરીકે સેવા આપનાર સંસ્થાના વાલી અને મહેંદી કલાકાર શ્રી જાગૃતિબેન શાહ તરફ આભારની લાગણી વ્યક્ત કરું છું.

જવારા હરીફાઈ :- તા. ૨-૭-૯૩ ને શુક્રવારે ધોરણ ૫, ૬, ૭ માટે જવારા હરીફાઈ યોજાઈ જેમાં વિજેતા નીવડતાં વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.

| | | |
|---|---|---|
| પ્રથમ | પાયલ કિનારીવાલા, | (૫ અ) |
| દ્વિતીય | અદિતિ શુક્લ, | (૫ ક) |
| | કાનન વૈદ્ય, | (૫ અ) |
| | હીરલ ગોસ્વામી, | (૫ ક) |
| તૃતીય | મેઘા હાલાણી, | (૫ બ) |
| | જીનાંશી પરીખ, | (૬ ક) |
| | માલવ શાહ, | (૫ અ) |
| આશ્વાસન ઈનામ | પ્રીતવ શાહ, | (૬ અ) |

**ગૌરીવ્રત :-** તા. ૩-૭-૯૩ ને શનિવારનાં રોજ ગૌરીવ્રત નિમિત્તે વિદ્યાર્થી ભાઈબહેનોએ નાટક ગરબા અને લગ્નોત્સવ રજૂ કર્યાં. વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક, આખોય કાર્યક્રમ રજૂ કર્યો.

**સ્થાપના દિન :-** તા. ૨૫-૭-૯૩ ને રવિવારનાં રોજ સંસ્થાના સ્થાપના દિન નિમિત્તે આંતરગૃહ રંગોળી સ્પર્ધા તથા આંતરગૃહ ચિત્રસ્પર્ધા યોજવામાં આવી. વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી તેમાં ભાગ લીધો જેમાં નીચેનાં વિદ્યાર્થીઓ વિજેતા નિવડયાં, તેમને અભિનંદન.

**ચિત્ર સ્પર્ધા**

| | | |
|---|---|---|
| પ્રથમ | અદિતિ શાહ, (૭ અ) | મેઘનાદ |
| દ્વિતીય | રાજવી શાહ, (૭ અ) | રત્નદીપ |
| તૃતીય | સર્જન શાહ, (૭ ક) | ધવલગિરિ |

**રંગોળી સ્પર્ધા**

| | | |
|---|---|---|
| પ્રથમ | અમી પાઠક, (૭ ક) | રત્નદીપ |
| દ્વિતીય | રાજવી દલાલ, (૭ ક) | ધવલગિરિ |
| તૃતીય | ડિંગીશા મહેતા, (૭ બ) | ધવલગિરિ |

આ પ્રસંગે વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ પણ કર્યું ને તેમનાં શારદામંદિરમાં ભવિષ્યમાં શીળી છાયા છવાય તેવી શુભ કામના સાથે વૃક્ષો વાવ્યાં.

## અભિનંદન :-

**ચિત્ર :-** તા. ૨૪-૫-૯૩ ના રોજ અમદાવાદમાં રવિશંકર રાવલ કલાભવન ખાતે ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી તરફથી યોજાયેલ તત્કાલ બાલચિત્ર સ્પર્ધામાં અ વિભાગમાં રૂા. ૧૦૦/- નું ઈનામ મેળવવા બદલ ધો. ૩ ક નાં. કુ. સોનમ અશોકભાઈ શાહને અભિનંદન.

પરમેનન્ટ કલર્સ યોજીત અખિલ ભારતીય ચિત્રસ્પર્ધામાં રાજ્યકક્ષાએ પ્રથમ ઈનામ મેળવતા. ચિ. શર્વિલ ટંકશાળી (૩ બ) ને અભિનંદન. તેનું ચિત્ર રાષ્ટ્રીય કક્ષાએ મોકલવામાં આવ્યું છે.

પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર ઉદયપુર અને ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા આયોજીત તત્કાલ ચિત્ર સ્પર્ધામાં ચિ. શર્વિલે પ્રથમ ઈનામ તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને અમદાવાદ મેડીકલ એસોસીયેશનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ બાલચિત્ર સ્પર્ધામાં દ્વિતીય ઈનામ પણ મેળવ્યું છે.

**સ્વીમીંગ :-** બેંગલોર ખાતે યોજાયેલ નેશનલ સ્વીમીંગ કોમ્પીટીશનમાં ચિ. રાજવી શાહે (ધો. ૪ ક) બટર ફ્લાય સ્ટ્રોકમાં તૃતીય આવી કાંસ્ય ચંદ્રક, અમદાવાદ ડિસ્ટ્રીક્ટ સ્વીમીંગ સ્પર્ધામાં ત્રણ સ્ટાઈલમાં પ્રથમ અને એક સ્ટાઈલમાં દ્વિતીય આવી ડિસ્ટ્રીક્ટ ચેમ્પીયનશીપ મેળવી છે, અને બટરફ્લાય સ્ટ્રોકમાં નવો રેકોર્ડ સ્થાપ્યો છે. ઉપરાંત ગુજરાત રાજ્ય સ્વીમીંગ સ્પર્ધામાં એક સ્ટાઈલમાં પ્રથમ અને ત્રણ સ્ટાઈલમાં દ્વિતીય આવી રનર્સ અપ બની છે. આમાં એણે ફ્રીસ્ટાઈલમાં નવા રેકર્ડ સ્થાપ્યાં છે. આ બધી જ સિધ્ધિઓ માટે ચિ. રાજવીને અભિનંદન.

**કરાટે :-** કેદાર સ્કુલ ઓફ માર્શલ આર્ટ દ્વારા યોજાયેલ જીલ્લા કક્ષાની કરાટે સ્પર્ધામાં ચિ. શર્વિલ ટંકશાળીને આશ્વાસન ઈનામ મેળવવા બદલ અભિનંદન.

'યલો બેલ્ટ' ધરાવતા અને 'ગ્રીન બેલ્ટ'ની પરીક્ષા આપી ચૂકેલ ચિ. કાર્તિક જેટલીએ પાંચ રૌપ્ય ચંદ્રકો, ત્રણ સુવર્ણચંદ્રકો અને એક કાંસ્ય ચંદ્રક મેળવ્યાં છે. તેમને તેમની આ અભૂતપૂર્વ સિધ્ધિ બદલ અભિનંદન.

## વિનયમંદિર

પરિણામ :- માર્ચ ૧૯૯૩માં લેવાયેલ ધોરણ ૧૨નાં વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું શાળાનું પરિણામ ૭૬% આવેલ છે, જેમાં શાળાની વિદ્યાર્થિની કુ. પૂજા સિધ્ધાર્થભાઈ પોથીવાલા બોર્ડમાં પાંચમું અને સેન્ટરમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરે છે તે માટે તેમને અભિનંદન.

સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૬% આવેલ છે.

માર્ચ ૧૯૯૩ માં લેવાયેલ ન્યુ એસ. એસ. સી. પરીક્ષાનું શાળાનું પરિણામ ૯૯% આવ્યું છે. સફળ થનાર સૌ વિદ્યાર્થીઓને અભિનંદન.

માર્ચ ૧૯૯૩માં લેવાયેલ ન્યુ એસ.એસ.સી પરીક્ષામાં શાળામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીની કુ. કૃતિ નલિનકાંત પટેલને સ્વ. શ્રી કલ્યાણભાઈ ગાંધીના સ્મરણાર્થે રૂા. ૧૫૧/- એચ.એસ.સી. વિજ્ઞાનપ્રવાહમાં પ્રથમ આવનાર કુ. પૂજા પોથીવાલાને સ્વ. પન્નાબેન ગાંધીના સ્મરણાર્થે રૂા. ૧૫૧/- તથા સામાન્ય પ્રવાહમાં પ્રથમ આવનાર ચિ. ધ્રુમિલ ઉમેશભાઈ શાહને સ્વ. પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે રૂા. ૧૫૧/-નાં ઈનામો મળે છે તે માટે ધન્યવાદ.

૧૯૯૩-૯૪ નાં વર્ષ માટે યોજાયેલ ચૂંટણીમાં નીચે પ્રમાણે વિદ્યાર્થીઓ મહામંત્રી તથા ઉપમંત્રી તરીકે ચૂંટાઈ આવ્યા છે.

| | | | |
|---|---|---|---|
| ભાઈઓ | મહામંત્રી | અનુજ શાહ | (૯ ક) |
| | ઉપમંત્રી | અમન શાહ | (૯ અ) |
| બહેનો | મહામંત્રી | અનાર જોષી | (૯ અ) |
| | ઉપમંત્રી | અંતરા દેસાઈ | (૯ ક) |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને ૧૯૯૩-૯૪નાં વર્ષ માટે નીચે પ્રમાણે ગૃહનેતા તથા ઉપનેતાઓની નિયુક્તિ કરવામાં આવી છે.

| | | | | |
|---|---|---|---|---|
| મેઘદૂત | ભાઈઓ | નેતા | ધવલ વસા, | (૯ અ) |
| | | ઉપનેતા | હાર્દિક ત્રિવેદી, | (૯ અ) |
| | બહેનો | નેતા | ઝીલ મહેતા, | (૯ અ) |
| | | ઉપનેતા | ફોરમ શાહ, | (૯ બ) |
| ચંદ્રમૌલિ | ભાઈઓ | નેતા | ભૌમિક ઠક્કર, | (૯ અ) |
| | | ઉપનેતા | અંજન કોન્ટ્રાકટર, | (૯ અ) |
| | બહેનો | નેતા | નિરાલી શાહ, | (૯ ક) |
| | | ઉપનેતા | હેલી મહેતા, | (૯ ક) |
| પદ્મપુકુર | ભાઈઓ | નેતા | નીરજ શાહ, | (૯ ક) |
| | | ઉપનેતા | નિમિલ શાહ, | (૯ બ) |
| | બહેનો | નેતા | રાજવી સંઘવી, | (૯ ક) |
| | | ઉપનેતા | કોમલ શાહ, | (૯ ક) |
| ગીતગોવિંદ | ભાઈઓ | નેતા | સૌરીન દેસાઈ, | (૯ ક) |
| | | ઉપનેતા | તેજસ શાહ, | (૯ ક) |
| | બહેનો | નેતા | નીતિ શાહ, | (૯અ) |
| | | ઉપનેતા | અનાર પટેલ, | (૯ અ) |

તા. ૨૫-૭-૯૩ ને રવિવારનાં રોજ સ્થાપના દિન નિમિત્તે બહેનોએ સુંદર ગરબા રજૂ કર્યા. વિદ્યાર્થી ભાઈ બહેનોએ વૃક્ષારોપણ કર્યું તથા આંતરગૃહ ચિત્ર સ્પર્ધા તથા રંગોળી સ્પર્ધા યોજાઈ જેમાં નીચેના વિદ્યાર્થીઓ વિજેતા નીવડયાં છે તે બદલ તેમને અભિનંદન.

**ચિત્ર સ્પર્ધા**

| | | |
|---|---|---|
| પ્રથમ | ઋત્વિક દવે, (૯ અ) | મેઘદૂત. |
| દ્વિતીય | હરિનિ દેસાઈ, (૮ બ) | ચંદ્રમૌલિ |
| તૃતીય | ધ્વનિ શુક્લ, (૯ અ) | પદ્મપુકુર |
| | રૂચિ સોપારકર, (૮ બ) | પદ્મપુકુર |

**રંગોળી સ્પર્ધા**

| | | |
|---|---|---|
| પ્રથમ | ચિંતન સુતરિયા, (૯ અ) | મેઘદૂત |
| દ્વિતીય | ભૂમિકા શાહ, (૮ ક) | પદ્મપુકુર |
| તૃતીય | આર્જવ શાહ, (૯ બ) | ચંદ્રમૌલિ |

**અભિનંદન :-** Young Talents of India આયોજીત સાતમાં All India Exhibition of Art and Literature for children માં (ધો.૮ બ) ની કુ. હરિનિ દેસાઈને રૌપ્ય ચંદ્રક મેળવવા બદલ અભિનંદન.

તંત્રી, મુદ્રક, પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ ૩૮૦ ૦૦૭
ટાઈપ સેટીંગ : સુલેખ ગ્રાફિક્સ પ્રા લિમીટેડ, ૩૦૪ હરીકૃપા ટાવર, જુના શારદામંદિર રોડ, એલીસબ્રીજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬ ફોન નં. ૪૨૫૫૫૫૯